ગુજરાતમિત્ર

ગતિવિધિ

નવવર્ષ નિમિત્તે વાડી સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય અન્નકૂટનું આયોજન કરાયું

વડોદરા : નવવર્ષની શરુઆત વિક્રમ સંવત 2081શરુ થઇ છે ત્યારે શહેરના વિવિધ મંદિરોમાં વર્ષોથી ચાલી આવતા અન્નકૂટ ની પરંપરા મુજબ શહેરના વાડી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે હિન્દુ નવવર્ષ નિમિત્તે મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામજી મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ સહિતના દેવો સામે વિશાળ અન્નકૂટ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું.વહેલી સવારથી જ ભક્તો મોટી સંખ્યામાં પ્રભુના દર્શન માટે ભેગા થયા હતા જ્યાં ભક્તોએ સુંદર રીતે શણગારેલા દેવ મૂર્તિ તથા ભવ્ય અન્નકૂટના દર્શન કર્યા હતા. અહી અન્નકૂટમા વિવિધ પ્રકારની મિઠાઇઓ, ફરસાણ, ભાતના પ્રબંધ,ઋતુ અનુસાર ફળફળાદી નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બાજવાડા સ્થિત બિરાજતા પ્રભુ કલ્યાણરાયજીનાં અલૌકિક સ્વરૂપ-લીલાની ઝાંખી દર્શન યોજાયાં

વડોદરા : શહેરના બાજવાડા સ્થિત બિરાજતા પ્રભુ શ્રી કલ્યાણરાયજીનું સ્વરૂપ આપણને સહુને તેઓની લધુરાસ લીલાની અલૌકિક ઝાંખી કરાવે છે.

પ્રભુ રાસ લીલા વેળા તેઓનો તમસ ગુણ દર્શાવે છે. શ્રીકૃષ્ણ લધુરાસ લીલા સમયે ગોપ-ગોપીઓને તેમના શાશ્વત ક્ષેત્ર, ગોલોકમાં લઈ જાય છે અને તમામ ગોપ-ગોપીઓ શ્રીકૃષ્ણના દૈવીય સ્વરૂપની ઝલક પ્રાપ્ત કરે છે આમ શ્રીપ્રભુની લધુરાસ લીલા સર્વે વૈષ્ણોને આનંદ ઉલ્લાહસથી ભરી દે છે. શ્રી કલ્યાણરાયજી પ્રભુનાં દિવ્ય દર્શન અનુભવ પછી ગોપ-ગોપીઓશ્રીકૃષ્ણને દરેક જગ્યાએ અને દરેકમાંબિરાજમાન હોવાનું જાણે છે.છેલ્લાં ૧૫૫ વર્ષથી શ્રી કલ્યાણરાયજી પ્રભુ વડોદરા શહેરની મધ્યમાં બિરાજી રહ્યાં છે અને મહાપ્રભુજીશ્રીમદ વલ્લભાચાર્ય દ્વારા નિર્દેશિત પુષ્ટિમાર્ગીય પ્રણાલી મુજબ શ્રી કલ્યાણરાયજી પ્રભુનાં મોહિનીસ્વરૂપની નિત્ય સેવા ષષ્ઠપીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની નિશ્રામાં થઈ રહી છે જેનો લ્હાવો સમગ્ર વિશ્વની વૈષ્ણવ શ્રુષ્ટિનિ અસ્ખલિત રીતે મળી રહ્યો છે.

વટારીયાની ગણેશ સુગર ફેક્ટરી દ્વારા 5 લાખ મે.ટન થી વધુ શેરડી પિલાણના સીઝન શરૂઆત

વડોદરા : વટારીયાની ગણેશ સુગર ફેક્ટરી દ્વારા 5 લાખ મે.ટન થી વધુ શેરડી પિલાણ લક્ષ્યાંક સાથે પિલાણ સીઝન-2024-25 માટે બુધવારે લાભ પાંચમ દિવસે શુભ શરૂઆત કરી હતી. જે પ્રસંગે સુગરના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા, વાઇસ ચેરમેન પુષ્પેન્દ્રસિંહ સુણવા, ડિરેકટર કિરણભાઈ પટેલ, હરેન્દ્રસિંહ ખેર, જીતેન્દ્રસિંહ જાદવ, મેહુલકુમાર પટેલ, ઇ.મેનેજીંગ ડિરેકટર અમરસિંહ રણા, માજી ડિરેક્ટર ધર્મેન્દ્રસિંહ મહીડા, પ્રતાપસિંહ માટીએડા, હેતલભાઈ પટેલ, સુરેન્દ્રસિંહ પરમાર, જમિયતભાઈ પટેલ, ઈશ્વરસિંહ ખેર તેમજ મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો, આગેવાનો, અધિકારી-કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા દ્વારા શાસ્ત્રોકત પૂજાવિધિ સંપન્ન કરવામાં આવી અને ઉપસ્થિત સૌ કોઈએ શ્રીફળ વધેરી શેરડી પિલાણનો પ્રારંભ કર્યો હતો. ઉલ્લેખનીય એ છે કે ગણેશ સુગર ફેક્ટરી દ્વારા ખેડૂતોને ગત સીઝનના શેરડીના ફાઈનલ હપ્તાની ચૂકવણી તેમજ કર્મચારીઓને દિવાળી બોનસ પણ દિવાળી પહેલા ચૂકવી દેવામાં આવ્યું છે.

ઉસરા ગામ નજીક 2.56 લાખનો દારૂ પકડાયો

દાહોદ: દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ઉસરા ગામેથી પસાર થતાં હાઈવે રોડ પરથી દાહોદ એલસીબી પોલીસે એક વૈભવી ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૨,૫૬,૨૯૦ પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૧૨,૫૬,૨૯૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે અંધારાનો લાભ લઈ ગાડીનો ચાલક નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જેલમાં દિવાળી કરનાર નિર્દોષ લોકોના આંખોમાં તહેવાર ટાણે આંસુ પણ છલકાયા

દાહોદમાં નકલી એન.એ. પ્રકરણમાં એક પછી એક આરોપીઓને પોલીસે સકંજામાં લઈ જેલભેગા કર્યા

(પ્રતિનિધિ) દાહોદ તા.૦૬

દાહોદમાં નકલી એનએ પ્રકરણમાં એક પછી એક આરોપીઓને પોલીસે સકંજામાં લઈ જેલ ભેગા કર્યા છે ત્યારે ઘણા આરોપીઓને છોડવવા માટે દાહોદના પોલીસ મથકે ધમપછાડઓ પણ ચાલી રહ્યાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દાહોદના પોલીસ મથકોએ ભેગા થયેલા ટોળાઓમાં ઘણા આરોપીઓને પુછપરછોના અંતે છોડી મુકવામાં આવ્યાં હોવાનું કહેવાઈ રહ્યું છે.

દાહોદમાં નકલી બીન ખેતી પ્રકરણે સમગ્ર ગુજરાત રાજ્યમાં ચકચાર મચાવી મુકી છે. નકલી બીન ખેતીના હુકમો કરી ભેજાબાજાઓએ સરકારની તિજોરીને કરોડોનો ચુનો ચોપડ્યો છે. આવા સમયે પોતાનું કામ કરી નીકળી ગયેલ ભુમાફિયાઓના કારણે ઘણા નિર્દોષ લોકો શિકાર બની રહ્યાં છે. અને તેઓની સામે પણ પોલીસ ફરિયાદો થઈ રહી છે. આવા સમયે ઘણા સંગઠનો દ્વારા ખોટા કેસમાં ફસાવી દેવામાં આવેલ નિર્દોષ લોકોની પડખે ઉભા રહી તેઓને જેલમાંથી મુક્ત કરવાની રજુઆતો પણ કરવામાં આવી રહી છે. પાડાના વાંકે પખાલીને ડામ જેવો દાહોદમાં ઘાટ સર્જાઈ રહ્યો છે. સરકારી બાબુઓની મીલીભગતને કારણે સર્જાયેલ આ નકલી બીન ખેતીના પ્રકરણમાં સરકારી બાબુઓ બહાર રહી લેર કરી રહ્યાં છે અને મિલ્કતો લઈ લેનારા નિર્દોષ અને કાયદાઓથી અજાણ વ્યક્તિઓ આ નકલી બીન ખેતી પ્રકરણનો ભોગ બની રહ્યાં છે. આવા સમયે ખરેખર જોવા જઈતો સરકારી તંત્રની નજર રહેમ અને સરકારી બાબુઓના આર્શિવાદ વિના આ નકલી બીન ખેતી પ્રકરણ શક્યજ નથી પરંતુ અત્યાર સુધી માત્ર ગણતરીના સરકારી બાબુઓ સામે કાર્યવાહી અને અટકાયત પગલા બાદ તે પહેલા ૫૦થી વધુ નિર્દોષ લોકો સામે પોલીસમાં ફરિયાદ કરી તેઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આવા સમયે નિર્દોષ લોકો આ નકલી બીન ખેતીનો ભોગ બની રહ્યાં છે ત્યારે આજરોજ દાહોદ એ ડિવીઝન પોલીસ મથક ખાતે ઘણા આરોપીઓને પોલીસ દ્વારા પુછપરછોના અંતે છોડી પણ મુકવામાં આવ્યાં હતાં. દિવાળી જેવા તહેવારમાં જેલમાં દિવાળી કરનાર નિર્દોષ લોકોના આંખોમાં તહેવાર ટાણે આંસુ પણ છલકાતાં જોવા મળ્યાં હતાં.

સરકારી અનાજના ગોડાઉન પાસે આગ

ભાડુઆત નહિ આવતા અન્ય લોકોના જીવનું જોખમ ટાળવા સિટી પોલીસે નિર્ણય લેવો પડ્યો

(પ્રતિનિધિ)વડોદરા,તા.6

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી જુદા જુદા વિસ્તારોમાં આગ લાગવાના બનાવો સામે આવ્યા છે તેવામાં બુધવારે સાંજે વિસ્તારમાં આવેલ સરકારી અનાજના ગોડાઉન નજીક એક બંધ ગોડાઉનમાં આગ લાગતા તંત્ર દોડતું થયું હતું હાલ આ ગોડાઉન બંધ હોય એપીકેટના જવાનું હોય ગોડાઉનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશી લાગેલી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગ લાગવાની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. જ્યારે આગ કયા કારણોસર લાગી તે જાણવા મળ્યું ન હતું. દાંડિયા બજાર ફાયર સ્ટેશનના સબફાયર ઓફિસરે જણાવ્યું હતું કે સિટી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ તરફથી મેસેજ આવ્યો હતો કે સરકારી અનાજ ગોડાઉનની બાજુમાં એક દુકાનમાં આગી લાગી છે અને ગોડાઉન છે. જેથી ત્યાં પહોંચી ગયા હતા. સ્થળ ઉપર તપાસ કરતા બહાર લોક માર્યું છે અને કંઈક એમની કોર્ટ મેટર ચાલી રહી છે. એટલે અમે ઉપર બાજુની અગાસી ઉપરથી કુલિંગ કરવાનો પ્રયાસ કર્યો, પણ પાણી જે જગ્યાએ આગ લાગી હતી. ત્યાં પાણી પહોંચી શકતી ન હતું. તેથી લોક તોડવાની ફરજ પડી.

પોલીસનો ખોફ બતાવી વેપારીને ફટાકડા ચૂનો ચોપડનાર ઝડપાયો

(પ્રતિનિધી) ભરૂચ,તા-6

ભરૂચ વિસ્તામાં એક ભેજાબાજ પોલીસની ખોટી નેમ પ્લેટ અને ખોટું આઈ-કાર્ડ બતાવીને રોફ જમાવીને ફટાકડાનાં વેપારી સાથે છેતરપિંડીનો કર્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ ભેજાબાજે ભરૂચનાં હોસ્ટેલ ગ્રાઉન્ડ પર ફટાકડાનાં વેપારીને રૂ.3600/-નાં ફટાકડા ખરીદી કરીને માત્ર રૂ.1300/- આપ્યા હતા.પાછળથી ખબર પડતા એ વ્યક્તિ પોલીસ નહિ પણ સેલ્સમેન નીકળતા ભરૂચ એ ડીવીઝનમાં છેતરપીંડીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

ભરૂચનાં હોસ્ટેલ ગ્રાઉન્ડ ઉપર 37 વર્ષીય ગણેશભાઈ મંગાભાઈ મકવાણાએ દિવાળીના તહેવારમાં ફટાકડાનો ધંધો હાલમાં કરતો હતો.હાલમાં આ હોસ્ટેલ ગ્રાઉન્ડ પર તા.30મી ઓક્ટોબરથી સતત બે દિવસ એક શખ્સ પોતાની ફોરવ્હીલ ગાડીમાં પોલીસનાં નામની નેમ પ્લેટ લગાવીને પોતે ક્રાઈમ બ્રાંચમાંથી આવે છે.અને અધિકારી તરીકેની ઓળખ માટે આઈ.કાર્ડ બતાવીને ફટાકડાનાં વેપારી ગણેશભાઈ પાસે ફટાકડાનું લાયસન્સ માંગ્યું હતું.જેનાથી ગભરાઈ જઈને લાયસન્સ બતાવ્યું હતું.પ્રથમ વખત રૂ.750/-ના ફટાકડા ખરીને ફક્ત ગુગલ પેથી રૂ.300/- આપ્યા હતા.

ત્યારબાદ બીજા દિવસે રૂ.2850/-નાં ફટાકડા લઈને ઓનલાઈન ગુગલ પેથી માત્ર રૂ.1000/- આપીને જતો રહ્યો હતો.જે ઘટનાથી ફટાકડાના વેપારીને શંકા જતા તેની તપાસ કરતા તેનું નામ કમલ નટવરલાલ પારેખ નીકળતા એ પોલીસનો માણસ નથી.

સ્વામી ધર્મ પ્રકાશજી મહારાજનો 117મો અને સ્વામી અશોકપ્રકાશજી મહારાજનો 70મો જન્મદિવસ ઉજવાશે

વડોદરા. સ્વામી ધર્મ પ્રકાશજી મહારાજના 117મા જન્મદિવસ અને સ્વામી અશોકપ્રકાશજી મહારાજશ્રીના 70મા જન્મદિવસ નિમિતે શહેરના વરસીયા ખાતે આવેલા પ્રેમપ્રકાશ ધર્મ

તિર્થસ્થાન ખાતે તા. 02 થી 15નવેમ્બર દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે સ્વામી ધર્મ પ્રકાશજીના 117મા જન્મદિવસ અને સ્વામી અશોકપ્રકાશજીના 70મા જન્મદિવસ નિમિતે શહેરના વરસીયા ખાતે આવેલા પ્રેમપ્રકાશ ધર્મ તિર્થસ્થાન, સ્વામી ટેઉરામ ચોક,સંતકવર કોલોની, થી તા. 2જી નવેમ્બર થી 15નવેમ્બર સુધી સવારે 5:30 થી 6:30 દરમિયાન પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવી રહ્યું છે તા. O7 નવેમ્બરે સવારે 9:30 કલાકે બાળકોના જનેઉ આપવાનો કાર્યક્રમ યોજાશે તા. 02નવેમ્બર થી 15નવેમ્બર દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. સામાજિક અગ્રણી સન્મુખ જ્ઞાનચંદની એ જણાવ્યું છે કે, તા. O7મી નવેમ્બરે મુકેશસાઇ, મોહન સાંઈ તથા ચરણસાઈ જનોઈ પ્રસંગે બાળકોને આશીર્વાદ આપશે. આ પ્રસંગે પ્રેમપ્રકાશ ધર્મ તીર્થ ના સંત મુકેશ સાંઈ એ દરેક ને પ્રભાતફેરીમાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.

પ્રતાપનગર ગીતામંદિરમાં ચાતુર્માસ વ્રતનું ઉદ્યાપન

વડોદરા :પ્રતાપનગર સ્થિત ગીતામંદિરમાં તા. ૧૪/૧૧/૨૪ ગુરુવારના રોજ ચાતુર્માસ વ્રત ઉદ્યાપનનું આયોજન કરવામાં આવ્યું છે. જે ભક્તોને વ્રત ઉજવવું હોય તેમણે ગીતામંદિરમાં રુબરુ સંપર્ક કરી નામ નોંધાવી જવા.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400069.
વડોદરા શાખા : ઓફિસ નંબર - 404, ચોથો માળ, એટલાન્ટિસ કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપ સામે, સારાભાઈ રોડ, વડોદરા - 390001, (ગુજરાત).
ગોધરા શાખા : દુકાન નં. 3, પહેલો માળ, શ્રી સ્વામિનારાયણ એવ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) સાથે વાંચો.

નીચે હસ્તાક્ષરિત સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત એક્ટ) હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ(AHFL)ના અધિકૃત અધિકારી છે. સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચેલા આ અધિનિયમની કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને અધિકૃત અધિકારીએ ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે. નીચેના ઋણ લેનાર/ઓ (''કહેવામાં આવેલ ઉધાર લેનાર'', તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસ/ઓ માં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવી, જે નીચે પણ આપવામાં આવી છે. ઉપરોક્ત સંબંધમાં આથી આ નોટિસના પ્રકાશનથી 60 દિવસની અંદર AHFLને ચૂકવવા માટે ઉક્ત ઉધાર લેનારને ફરીથી એક વખત નોટિસ આપવામાં આવે છે, અહીં દર્શાવેલ રકમ, વધુ વ્યાજ અને આજ સુધીના અન્ય શુલ્ક સાથે બાકી લેણાંની સંપૂર્ણ ચુકવણી માટે આ નોટિસ આપવામાં આવે છે. ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં વિગતવાર દર્શાવ્યા મુજબ, નીચે દર્શાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી, લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર અન્ય દસ્તાવેજો/લેખન સાથે વાંચવામાં આવે છે, જો કોઈ હોય તો, ઉધાર લેનારાઓ દ્વારા કરવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની અસ્કયામતો અનુક્રમે ઉધાર લેનારાઓ દ્વારા AHFLપાસે ગીરો રાખવામાં આવી છે.

અ. નં.	ઉધાર લેનારા/ સહ-ઉધાર લેનાર અને બાંયધરી આપનારનું નામ	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત)
1	(લોન કોડ નંબર 03800000537 અને 03800000694/ વડોદરા શાખા) દલાભાઈ રૂમલભાઈ ગોરી (ઉધાર લેનાર), લલીતાબેન દલાભાઈ ગોરી (સહ ઉધાર લેનાર), દિપકકુમાર નરસિંહ ગઢવી (જામીનદાર)	09-10-2024 ₹ 7,48,169/- & ₹ 80,993/-	મિલકતના બેરિગનો તમામ ભાગ અને પાર્સલ, પંચાયત ઘર નં 238 ગોરી ફળિયું, પાણીની ટાંકીની સામે, મોજે ગામ છાંયણ સોજે કાલીબેલ પોગોધર, પંચ મહાલ, ગુજરાત, 389260
2	(લોન કોડ નંબર 03810000095/વડોદરા શાખા) હેતલબેન અરવિંદભાઈ સોલંકી (ઉધાર લેનાર), અરવિંદભાઈ નગીનભાઈ સોલંકી (સહ-ઉધાર લેનાર)	09-10-2024 ₹ 5,52,239/-	પ્રોપર્ટી બેરિગનો તે તમામ ભાગ અને પાર્સલ, Gf Ff સદ્ધામ સોસાયટી તરસાલી રોડ, તરસાલી 52, તરસાલી (CT) વડોદરા ગુજરાત 390009
3	(લોન કોડ નંબર 17610000175/ ગોધરા શાખા) રૂખસાના શોકત ચરખા (ઉધાર લેનાર), શોકત અબ્દુલસત્તાર ચરખા (સહ ઉધાર લેનાર)	09-10-2024 ₹ 10,21,242/-	પ્રોપર્ટી બેરિગનો તમામ ભાગ અને પાર્સલ, G.F પ્લોટ નં:59 પૈકી સેન્ટર પાર્ટ ખાજા પાર્ક સોસાયટી ગોધરા હાલોલ રોડ ગોધરા પંચ મહાલ, ગુજરાત 389001
4	(લોન કોડ નંબર 17610000195/ ગોધરા શાખા) જયદિપસિંહ મોહનસિંહ રાઠોડ (ઉધાર લેનાર), ગીતાબેન જયદિપભાઇ રાઠોડ (સહ ઉધાર લેનાર)	09-10-2024 ₹ 3,96,454/-	પ્રોપર્ટી બેરિગનો તમામ ભાગ અને પાર્સલ, G.F હાઉસ નં: 6/34 ધરમપુરી ફદીયુ, હરકુંડી ધરમપુરી રોડ, હરકુંડી, પંચ મહાલ ગુજરાત 38934

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ AHFLને ઉપરોક્ત મુજબ ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો AHFL લાગુ નિયમોની કલમ 13(4) હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે ખર્ચ અને પરિણામોના જોખમો પર સંપૂર્ણપણે ઉધાર લેનારાઓના જોખમો પર આગળની કાર્યવાહી કરશે. આ કાયદા હેઠળ ઉધાર લેનારાઓને AHFLની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતો વેચાણ, લીઝ અથવા અન્યથા ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમ અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તેનું ઉલ્લંઘન કરવા ઉશ્કેરે છે તો તે અધિનિયમ હેઠળ જોગવાઈઓ મુજબ કેદ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 07.11.2024

એસડી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ માટે

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવસીયા મો. ૭૯૮૪૬૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૯૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮, E-mail auction@hindujahousingfinance.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતો માટે ઈ-હરાજીથી વેચાણની નોટિસ, આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર / મોર્ટગેજર / બાંયધરી આપનારને સૂચના આપવામાં આવે છે કે, એચડીએફસી બેંક લિ. ના અધિકૃત અધિકારી(ઓ), નીચેના લોન ખાતાઓમાં સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલી નોટિસી(ઓ)ની માંગણીના અનુસંધાનમાં, ઉલ્લેખિત નીચેની મિલકત/ઓનો પ્રત્યક્ષ કબજો લીધો હતો. બેંકના લેણ વત્તા વ્યાજની વસૂલાત માટે "જૈન છે ત્યાં જેવું છે, જેવું છે, જે છે અને આશ્રય વિના" પર તેને વેચવાની અધિકાર અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકીની ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે કવાયતમાં નીચે હસ્તાક્ષરિત આ અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ આપવામાં આવેલી સત્તા, ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલી મિલકતાઓનાં વેચાણ દ્વારા બેંકના લેણાંની વસૂલાત કરવાની દરખાસ્ત કરે છે, નીચે દર્શાવેલ મિલકતોનું વેચાણ વેબ પોર્ટલ દ્વારા ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે: https://www.bankeactions.com

નં.	ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ	લોન ખાતા નં.	ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ	પજેશનની તારીખ અને પ્રકાર	મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ	રીઝર્વ કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે)
૧	ઉધારકર્તા :- હિતેશ પટેલ સહ-ઉધારકર્તા :- ભાવિકાબેન પટેલ	A/C No. GJ/VDD/AJWA/ A000000014	૧૧-૭-૨૦૨૩ રૂા. ૨૧,૮૧,૫૫૯/- રૂા. એકવીસ લાખ એકયાંસી હજાર પાંચસો ઓગણ સાહીંઠ તા. ૧૧-૦૭-૨૦૨૩ સુધી	૧૮-૧૧-૨૦૨૩ સિમ્બોલીક પઝેશન	૨૨-૧૧-૨૦૨૪ સમય ૧૧-૦૦ થી ૨-૦૦	રૂા. ૩૧,૫૮,૪૦૦/- રૂા. એકત્રીસ લાખ અઠ્ઠાવન હજાર ચારસો	રૂા. ૩,૧૫,૮૪૦/- રૂા. ત્રણ લાખ પંદર હજાર આઠસો ચાળીસ
				હરાજીની તારીખ અને ટેન્ડર ખોલવાનો સમય	બીડ ઈન્ક્રીઝ રકમ		ઈએમડી ની છેલ્લી તારીખ
				૦૯-૧૨-૨૦૨૪ બપોરે ૩-૦૦ થી ૫-૦૦	રૂા. ૧૦,૦૦૦/- રૂા. દસ હજાર		૦૭-૧૨-૨૦૨૪ ટાઈમ ૩-૦૦ વાગ્યા સુધી

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રી ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા, સબ-રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા ના મોજે અટલાદરા ની સિમ માં આવેલા રે.સર્વે નંબર ૧૮૬ જેનું ક્ષેત્રફળ ૩૫૪૧ ચો. મીટર રે.સર્વે નંબર ૧૮૮ જેનું ક્ષેત્રફળ ૩૯૪૬ ચો. મીટર રે. સર્વે નંબર ૧૯૧ જેનું ક્ષેત્રફળ ૩૫૪૧ ચો. મીટર રે.સર્વે નંબર ૧૯૨ જેનું ક્ષેત્રફળ ૩૩૩૯ ચો. મીટર રે.સર્વે નંબર ૧૯૩ જેનું ક્ષેત્રફળ ૩૮૪૫ ચો. મીટર કુલ ક્ષેત્રફળ ૧૮૨૧૨ ચો. મીટર , ફાઇનલ પ્લોટ નંબર ૧૩૮, ૧૩૯ , ૧૪૦ , ટી.પી.એસ. નંબર ૨૫ માં આવેલ આમ્રપાલી રેસીકોમ માં આવેલ વિંગ કે ના ટાવર નંબર ૬ ના ૬ માળે આવેલ ફ્લેટ નંબર ૬૦૪ વાળી મિલકત જેનું કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૬૯.૮૮ સ્કવેર મીટર સુપર બિલ્ટઅપ એરિયા જેનું ક્ષેત્રફળ ૧૦૩.૧૫ સ્કવેર મીટર છે. ચતુઃ દીશા નીચે મુજબ છેઃ પૂર્વે ટાવર આઈ અને જે પશ્ચિમે : ફ્લેટ નંબર ૬૦૩ ઉત્તરેઃ સીડી અને ફ્લેટ નંબર ૬૦૧ દક્ષિણે : ખુલ્લી જગ્યા

નિયમો અને શરતો – (૧) ઈ-હરાજી "જેમ છે ત્યાં, જેછેતે, જે છે તે છે, અને આશ્રય વિનાના ધોરણે" યોજાશે. (૨) હરાજીમાં ભાગ લેવા ઈચ્છુકોએ તેમની ઈએમડીની વિગત તથા દસ્તાવેજો વેબ પોર્ટલ https://www.banknauctions.com (યુઝર આઈડી અને પાસવર્ડ વિના મુલ્યે https://www.bank.suctions.com પર રજીસ્ટર્ડ કરવાથી મળી શકશે) થકી લોગીન આઈડી અને પાસવર્ડ દ્વારા મોકલવાના રહેશે. ઈએમડીની ચૂકવણી ડિમાન્ડ ડ્રાફ્ટથી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના નામે સ્વીકારવામાં આવશે તેની નોંધ લેવી. (૩) અધિકૃત અધિકારીની જાણ મુજબ તથા માહિતી અનુસાર કોઈપણ જાતના બોજા જેમ કે કાયદાકીય બાકી વિ, (HHFL) રેકર્ડ મુજબ મિલકત ઉપર નથી સિવાય કે શરતો અને નિયમોમાં જણાવ્યા હોય તે છતાં પણ કોઈપણ ચાલુ પાછળના ભવિષ્યની બાકી જેમ કે બિન કાયદાકીય બાકી કાયદાકીય બાકી – બોજો, ટેક્સની બાકી / દાવાઓ, જે કોઈ હોય તેને માટે જવાબદાર રહેશે નહીં. (૪) ઈચ્છુક બોલીકારે પોતાની જાતે વ્યક્તિગત રીતે બોજા / મિલકતના ટાઈટલ અંગે ચકાસણી કરવાની અને પોતાની રીતે સંતોષ થાય તેમ કરવાનું રહેશે, મિલકતનું નિરીક્ષણ ઉપર દર્શાવેલ તારીખ અને સમય અનુસાર જ કરવાનું રહેશે. ઈચ્છુક બીડર જેમણે ઈએમડી જમા કરાવેલ છે. તેમને લોગીન આઈડી અને પાસવર્ડ, ડેટા અપલોડ કરવા, બિડ ભરવા, ઈ-બિડીંગ માટે પ્રશિક્ષણની જરૂર હોય તો તેઓ સેવા પ્રદાન કરનાર (૫) સફળ બિડરે વેચાણ કિંમતના 1% TDS (વેચાણની આવકમાંથી) ચૂકવવા પડશે અને T